# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination June – 2026

| | | | | |
|---|---|---|---|---|
| **Course** | **MSW** | **Date** | **:** | **08-06-2026** |
| **Subject Code** | **MSWR-406** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **વૃદ્ધો અને અપંગ વ્યક્તિઓ સાથે સામાજિક કાર્ય** | **Duration** | **:** | **02.15 Hours** |
| | | **Max. Marks** | **:** | **70** |

---

### Section A

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ત્રણ)** **(30)**

1. વૃદ્ધત્વનો અર્થ આપી, વૃદ્ધોની શારીરિક, માનસિક અને આર્થિક સમસ્યાઓની ચર્ચા કરો.
2. ભારતમાં વૃદ્ધોના કલ્યાણ માટેની યોજનાઓ અને કાયદાઓ સમજાવો.
3. વૃદ્ધોની અવગણના અને દુરુપયોગના કારણો તથા નિવારણના ઉપાયો સમજાવો.
4. અપંગતાની વ્યાખ્યા આપી તેના વિવિધ પ્રકારોની ચર્ચા કરો.
5. RPWD Act-2016 ના મુખ્ય પ્રાવધાનો સમજાવો.

### Section B

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો (કોઈ પણ ચાર)** **(20)**

1. વૃદ્ધો માટેની રાષ્ટ્રીય નીતિ-1999 વિશે ટૂંક નોંધ લખો.
2. વૃદ્ધો સાથેના સામાજિક કાર્યકરની ભૂમિકા સમજાવો.
3. દિવ્યાંગતા નિવારણ અને વહેલી ઓળખનું મહત્વ સમજાવો.
4. બ્રેઈલ લિપિ અને દ્રષ્ટિહીન માટેની શૈક્ષણિક સુવિધાઓ સમજાવો.
5. પુનઃસ્થાપન પ્રક્રિયાની સંકલ્પના સમજાવો.
6. ભારતમાં વૃદ્ધોની વસ્તી વિષયક સ્થિતિ વિશે નોંધ લખો.

### Section C

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1. વિશ્વ વૃદ્ધ દિવસ ક્યારે ઉજવાય છે?
   (A) 1 ઓક્ટોબર (B) 5 જૂન (C) 15 ઓગસ્ટ (D) 2 ઓક્ટોબર
2. વૃદ્ધત્વના અભ્યાસને શું કહેવામાં આવે છે?
   (A) જેરોન્ટોલોજી (B) સાયકોલોજી (C) બાયોલોજી (D) સોશિયોલોજી
3. RPWD એક્ટ કયા વર્ષમાં પસાર થયો?
   (A) 1995 (B) 2016 (C) 2001 (D) 1986

4. બ્રેઈલ લિપિ કોના માટે ઉપયોગી છે?

(A) બહેરા માટે (B) અંધ વ્યક્તિઓ માટે (C) મૂંગા માટે (D) શારીરિક અપંગ માટે

5. વિશ્વ વિકલાંગ દિવસ ક્યારે ઉજવાય છે?

(A) 1 જાન્યુઆરી (B) 3 ડિસેમ્બર (C) 10 ડિસેમ્બર (D) 15 ઓગસ્ટ

6. વૃદ્ધોના રક્ષણ માટે કયો કાયદો અમલમાં છે?

(A) માહિતી અધિકાર ધારો (B) ભરણપોષણ અને કલ્યાણ ધારો 2007

(C) દહેજ પ્રતિબંધક ધારો (D) હિન્દુ લગ્ન ધારો

7. નીચેનામાંથી કઈ દિવ્યાંગતાનો પ્રકાર છે?

(A) ઓટિઝમ (B) લો વિઝન (C) સેરેબ્રલ પાલ્સી (D) આપેલ તમામ

8. વૃદ્ધોમાં સામાન્ય રીતે કયો માનસિક રોગ વધુ જોવા મળે છે?

(A) મેલેરિયા (B) ડિમેન્શિયા (C) ટાઈફોઈડ (D) કમળો

9. ADIP યોજના કોના માટે છે?

(A) દિવ્યાંગોને સાધનો આપવા (B) કૃષિ વિકાસ (C) રોજગાર (D) આરોગ્ય વીમા

10. વૃદ્ધત્વ એ કેવી પ્રક્રિયા છે?

(A) કુદરતી (B) કૃત્રિમ (C) અસ્થાયી (D) અસામાન્ય

**Part – B નીચે આપેલ વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો**

**(10)**

1. વૃદ્ધત્વ એ કુદરતી અને અનિવાર્ય પ્રક્રિયા છે.
2. સંયુક્ત કુટુંબ પ્રથા તૂટવાથી વૃદ્ધોની સમસ્યાઓ વધી છે.
3. દિવ્યાંગ વ્યક્તિઓને સરકારી નોકરીમાં અનામત મળતી નથી.
4. બ્રેઈલ લિપિ દ્રષ્ટિહીન માટે ઉપયોગી છે.
5. પુનઃસ્થાપન એટલે વ્યક્તિને ફરીથી સમાજમાં સક્રિય બનાવવી.
6. વૃદ્ધોને માત્ર નાણાકીય સહાયની જ જરૂર હોય છે.
7. RPWD Act-2016 દિવ્યાંગોના અધિકારો માટે બનાવાયો છે.
8. સાઇન લેંગ્વેજ શ્રવણમંદ માટે ઉપયોગી છે.
9. ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના ગરીબ વૃદ્ધો માટે છે.
10. વૃદ્ધો પ્રત્યે આદર ભારતીય સંસ્કૃતિનું મહત્વપૂર્ણ મૂલ્ય છે.

******